૪૧૫૨

ગીતો.

૧

Jesus the name high over all.

૧ ઇસુ છે નામ સઉથી ઉંચું
આકાશ ને પૃથ્વી પર.
માણસ તેની ભક્તિ કરે,
શૈતાનને લાગે ડર.

૨ જે પાપમાં મરી ગએલા છે
જીવે છે આ નામે:
શૈતાનના ફાંદામાં જે છે
તે છુટકો તરત પામે.

૩ પાપની સાંકળ તે તોડે છે,
તે આપે છે છુટકો.
તેના લોહીથી સર્વ છુટે,
તેથી હું છું છુટેલો.

૪ હે કે સર્વ લોક ચાખી જુઓ
ઇસુનો પ્રેમ અપાર
આખા જગમાં અજવાળુ થાય
ને જતું રહે અંધકાર.

૨

ઈશ્વરાર્પણ કરવું.

I would the precious time redeem.

૧ શરીર થાઓ મારૂ મન આ યુદ્ધમાં.
ને એકજ મારા ચીંતા થાય.

જેઓ નાશમાં છે જનાર,
કે તેઓ જલદી બચી જાય,
ને ત્રાતા દેવની ગમ ફરે,
કે તેઓને તે માફ કરે.

———o———

૨ આતુરતાથી કરીશ લડાઈ,
ને શી ફીકર જો આવે દુઃખ,
જો લોક નરકથી બચી જાય,
તો ભરપુર થશે મારૂ સુખ.
જીવ જાવતો નહી કરૂ દરકાર,
પણુ મરણુ પામવા થાઉ તૈયાર.

———o———

૩ જે હોય મારી કને સોંપુ,
આગળ ચલાવા તારૂ કામ.
ને તારે વાસ્તે લડીશ હું,
તાગમાં ડરાાીને હામ.
પાપી લાવું ત્રાતા સરણુ,
જેણે પાપી કાજ સહ્યું મરણુ.

———

૩

The march through Georgia.

મુક્તિ ગફ્ત ને પુરી,
તાણી કરો પોકાર,
જગના છેડા સુધી સવૈ
સાંભળે આ સમાચાર;
ને અજવાલ પ્રકાશે સર્વ પર,
ને જતું રહે અંધકાર,
સારે સ્વર્ગમાં ચાલીશું.

———o———

ટેક—આગળ આગળ ચાલેછે ફોજ મુક્તિ.
લડો, લડો, કે સર્વ બચે દુખથી
ને આખી પૃથ્વી થાય ભરપુર
પરમેશ્વરના સુખથી,
ત્યારે સ્વર્ગમાં ચાલીશું.

૨—દેશે દેશ ને ગામે ગામ
ફોજમાં ચાલો સિપાઇ.
આ કીર્તિવંત દેવને કાજ
સદા કરો લડાઇ,
કે સઘળા કુલ ભક્તિ ભાવથી
જલદી જશે ભરાઇ,
ત્યારે સ્વર્ગમાં ચાલીશું

—o—

૩ ઈસુ દયાળુ કીરપાવાન,
છે સદા દેવ જયવાન,
ચોગમ શાંતી ફેલાવી,
ફોજ ચાલશે જય પ્રસ્થાન;
ને સર્વ પાપી પસ્તાઇને
પામશે મુક્તિનું દાન,
ત્યારે સ્વર્ગમાં ચાલીશું.

૪

Gujarati tune.

યહુદા દેસ ધર્યો અવતાર,
પાપી ઉપર પ્રીત કરીને આવ્યો ઇશુ દાતાર.
ભજો રે ભાઇ પ્રભુ ઇસુ આવ્યા,
આ દુનિઆનું તારણ કરવા ખરૂ ગ્યાન લાવ્યા;
તેનાથી તમે આત્માને સુધારો,
પાપીઓ પસ્તાવો કરો ને હવે જાઓ છે જનમારે.;

મુરખ તમારી ઉમ્મર ઓછી થઇ.
જલદી ઇસુ ખ્રિસ્ત પાસે આવી તેને માનો સહી;
બતાવ્યો મને મુક્તિનો રસ્તો,
પીતા, પુત્ર, પવિત્ર આત્મા, તેને હું ભજતો.
સિપાઇઓ બધા લડાઇમાં ચાલો,
યુદ્ધ કરવું છે તો ખરૂ તો પણ ઇસુનો હાથ ઝાલો,
રોજ તમે સારી ચાલ ચાલો,
હોય પાપીઓ તેને પોકારો ને નર્કથી ચેતાવો.
માનો તો વળી મોહોટી મેહેરબાની,
મુક્તિનો વખત તો જાય છે ખરે ને પછી થશે હાની,
હવે રે હું તો દીન ઇસુનો દાસ
વીશ્વાસથી કરૂં વિનતીને પ્રભુ સદાય રાખજે પાસ.

૫

All things are possible to me.

૧ જે વિશ્વાસ રાખે ઇસુપર
સઘળા છે શક્ય તેની પાસ.
પ્રભુ ઇસુ, સંદે વગર
તારી ઉપર કરૂં વિશ્વાસ.
હું જાણું છું થઇ ખાત્રી
કે સર્વે છે શક્ય પાસ મારી.

૨ મારાથી પાપ વીના રહેવાય
ઇસુપર વિસ્વાસ રાખવાથી!
આ વાત સૌથી અશક્ય દેખાય
તોપણ થશે કીરપા થકી.
જો ઇસુ છે સર્વ શક્તિવાન
તો મને શક્ય છે આ દાન

૩ મારામાં ઇચ્છા દેવની થાય
ત્યારે તેના જેવો થઇશ,

ને વીચાર, વાત ને કામની મદદ્ય
નહીં કરૂ પાપ, પણ સુધ રહીસ,
ને આહેદી પુરૂ સર્વ ઠેકાણે
કે ઇસુ છે સર્વ શકિતવાન.

૬

Oh for a heart to praise my God.

૧ હે કે મનથી દેવની સ્તુતિ
હું સદા ગાઉં ભરપુર,
ને તેની ભકિત ભાવ કરી
સઘળા પાપથી રહું દુર.

૨ હેકે મનથી સઘળા ઉપર
હું કરૂ પૂરી પ્રિત,
ઇસુ જેવો, દેવ મને કર
જે થયો છે પ્રાશ્ચિત.

૩ હે કે મનથી હું કરૂ કામ,
કે સઘળા બચી જાય
ને જગતમાં ઇસુનું નામ
છેડા સુધી સંભળાય.

૪ એક નરમ મન દેવ આપ મને
જેમાં છે પ્રેમ અપાર,
જયાં સઘળા પસંદ છે તને
ને ઇસુ છે વસનાર.

૭

My Jesus I love Thee

ઇસુ તારી ઉપર છે પ્રીતિ મારી.

છોડી સઘળાં પાપ કરૂં સેવા તારી;
હે દયાળુ દેવ, મારા મનનો અજવાળ,
સૌથી તારાપર મારી પ્રીતિ છે હાલ

૨ આદીથી અંત સુધી તું કરનાર છે પ્રીત,
ને મારે કાજે મરી થયો છે પ્રાશ્ચિત;
તેં સઘળાં દુઃખ સહ્યાં, હે પ્રભુ માયાળ
સૌથી તારાપર મારી પ્રીતિ છે હાલ,

૩ જીવતો કે મરતો સાંભળું તારી વાણી,
ને જ્યાં લગ છે શ્વાસ તારૂં કરીશ વખાણ;
ને ગઇશ જ્યારે આવશે મરણનું કાળ.
શૌથી તારાપર મારી પ્રીતિ છે હાલ.

૪ આકાશી મુકામમાં આનંદી અપાર !
ભક્તિ પ્રેમ કરવા હું હોઇશ તૈયાર,
પહેરી સ્વર્ગી મુગટ ગાઇશ સદા કાળ,
શૌથી તારાપર મારી પ્રીતિ છે હાલ.

૮

He promised he never would leave me.

૧ મેં જોઇ વીજળી કરતાં પ્રકાસ,
મેં સાંભળી ગર્જના કરતાં સે.ર;
ને પાપનું તુફાન મારી આસપાસ,
મને ડુબાડવાને કરતા જોર.
પણ પ્રભુની વાણી મેં સાંભળી.
મને કહેતાં કે, "મારી ગમ જો;
એકલો હું તને નહીં તજીશ,
કદી નહી તજીશ એકલો.
ના કદી નહી તજીશ એકલો,
ના કદી નહી તજીશ એકલો;

એકલો હું તને નહી તજીસ,
નહી તજીશ એકલો."

૨ જ્યારે હડવા હું થયો લગભગ,
ને નાશ કરવા શેતાન ઉઠયો;
ને મારા મનમાં લાગ્યું ડગમગ.
કે, એકલો કેમ થઇશ ઉભો.
ત્યારે ઇસુની વાણી મે સાંભળી,
મને કહેતાં કે, "મારી ગમ જો;
એકલો હું તને નહી તજીશ,
કદી નહી તજીશ એકલો.
ના કદી નહી તજીશ એકલો,
ના કદી નહી તજીશ એકલો;
એકલો હું તને નહીં તજીશ,
નહી તજીસ એકલો."

૯

So early in the morning.

૧ છુટકો છે સઘળાને કાજ,
ખ્રિસ્ત છે આવ્યો કરવા રાજ:
તેના નામને મહિમા થાય,
સઘળા પાપી બચી જાય.

ટેક—સઘળા પાપ છોડીને,
મુક્તિ પામી લ્યો.

૨ જો ગુનેગાર હો બીલકુલ,
તોપણ પાપ કરો કબુલ;
ફરો સર્વ ભુંડાથી તો
મુક્તિ પામી શકો છો.

૩ આ જગમાં શંતોષ નહીં થાય,
તે કોણ આપે ખ્રિસ્ત સિવાય;
દુરૂ આશીશ છોડી દો,
જલદી મુક્તિ પામી લ્યો.

૪ આવો સર્વ પાપી એકદમ
મુક્તિ પામવા ખ્રિસ્તની ગમ,
કાલ સુધી જીવતા નહી રહો,
માટે મુક્તિ પામી લ્યો,

૧૦

Marching on in the Light of God.

આસપાસ છે દેવનુ અજવાળું,
ચાલીએ તેમાં ચાલીએ.
જે માર્ગમાં ગયો પ્રભુ
તેમાં ચાલીએ હમે.
સ્વર્ગી મુગટ સોનેરી,
શતાર જે મને અપાશે,
સાફ વસ્ત્ર, મેહેલમાં રોસની
સૌ મને ત્યાં મળશે.

ટેક—ઇસુ મારો તારણ હારો,
વાળ્યું મારૂ રણ
વધસ્તંભ પર કીધું મારૂં માફ.
તેના લોહીમાં નાહીને આખો
દહાડો ગાઊછુ.
બહુ શુખીછુ કે અંતઃકરણ
થયું છે સાફ.
યુદ્ધ કરતા ચાલેછે સિપાઇ
સ્વામિ ખ્રિસ્ત અંતઃકરણની માંય;

દુખ પામીને જેનાં સગાંથી,
વેર નથી પણ પ્રીત પુરી.
સ્વર્ગી મુગટ.

૧૧

The Lion of Judah.

ઇસુ જગ ત્રાતા

આવો ખ્રિસ્તની પાસે વીલંબ ના રાખો,
ને મુક્તિ મફત ને પુરી હાલ ચાખો,
દાશપણાંમાંથી તથા ઉંઘમાંથી જાગો,
કરી પસ્તાવો પાપની માફી માગો.
ટેક—કેમકે ઇસુ જગ ત્રાતા પાપની સાંકળ તોડશે,
ને છેક વારંવાર તમને જય પમાડશે;

—o—

જગત વીરૂધ ઉઠસે, રીસ ચડશે શેતાન,
ને રોકવાને માટે બહુ કરશે તોફાન,
તમને બીવડાવવાને સર્વ મારશે ફાંફાં,
ઇસુ જગ ત્રાતા છે માટે બીહોમાં;

—o—

જો યુદ્ધ કઠણ હોય ને આસપાસ છે અંધકાર.
તોપણ મુગટ ને મહેલ લડનાર કાજ છે તૈઆર,
ને થોડીવાર પછી જોશો દેવનુ રાજ,
ને જયનું નીશાન તથા શેતાનની લાજ;

—o—

જયારે જગ મુકવું પડે ને આવે મોત કાળ,
ત્યારે આસપાસ તમારી દેવ કરશે અજવાળ;
ને હીમ્મત આપવા ઇસુ હજર થસે,
ને તમને સ્વર્ગમાં દુતો લઇ જશે.

૧૨

Day of Judgement, day of wonders..

ઇનસાફ દહાડે.

૧ ઇનસાફ દહાડે, અચરત પામી,
રણશીંગડાના નાદ શાંભળો;
ગર્જેછે હજાર ગર્જનાથી,
આખી સૃષ્ટી હલતી જો.
ગભરાએછે, ગભરાએ છે,
ગભરાએછે પાપીઓ,

૨ જુઓ આવતો ન્યાય કરનાર,
તાજ પહેરીને માથાપર.
સિપાઈને જોછે રાહ જોનાર,
સુખનું વચન આવશી ભર.
પ્રિય ત્રાતા, પ્રિય ત્રાતા,
મને પણ તું કબુલ કર.

૩ આવશે ઇનસાફ દહાડે જયારેઃ
રે પાપીઓ શું કરશો?
નિરાશ થઇને તમે ત્યારે,
પાપના હાલથી કેમ ફરશો?
રે પાપીઓ, રે પાપીઓ
નર્કની આગમાં પડશો.

૧૩

Stand like the Brave.

બહાદુર જેવા.

૧ સિપાઇઓ જાગો, હાલ દીવસ છે યુધનો,
ટોપ પેહેરીને ઢાલ ને તલવાર હાથમાં લ્યો,
વૈરીની આગળ હીમત પકડીને જાઓ.

બહાદુર જેવા, વૈરી સામા ઉભા થાઓ.
ટેક—બહાદુર જેવા
બહાદુર જેવા.
બહાદુર જેવા.
વેરી સામા ઉભા થાઓ.

૨ આશપાશ અંધકાર હોય, ને વધારે શત્રુ
પણ ફીરશા વધારે તમને આપસે ઇસુ,
જોખમના સ્થાનમાં નિરભયતાથી ગાઓ,
બહાદુર જેવા, વૈરી સામા ઉભા થાઓ,

૧૪

લાવણી—એ રાગ.

૧. રે મશીહા મુક્તિ દાતા નથી કંઇ શાન,
નથી કંઇ શાન, જન્મ ક્યાં કાઢું;

હું પાપી પૂરો દુષ્ટ દુઃખ ક્યાં કાઢું.

૨. મેં કર્યા કોટક પાપ જગતના બાપ,
જગતના બાપ, માફ તે કરજે;
મજ પાપીની પોકાર કાન પર ધરજે.

૩. મને મુક્તિ આપજે ઇશ ભાવથી,
ઇશ ભાવથી. પીસ છેવ તું પણી;
મારા કાન થકી સુણીસ ખ્રિસ્તની વાણી.

૪. તમે દયા કરીને દેવ સુણી આ વાત,
સુણી આ વાત, મુક્તિ આપી;
અંતરની ગડબડ મટી શાંત્તિ આવી.

૫. રે પાપી તમે ચેતો પાપ મુકીને,
પાપ મુકીને, ઇસુ ગમ ફરો;
બીજો કોઇ ઉપાય નથી આ દુનિઆમાં.

જાગે છે જગતના લોક નાશમાંરે,
નાશમાં રે, પાપ મુક્યા વીના;
ચેતી લ્યો પાપીરે વખતસર આવો.

૧૫

Gujarati tune.

૧. પ્રભુનો માર્ગ છે સુરાનો ને નહીં કાયરનાં કામ જોને.
૨. પરથમ પહેલાં પાપ મૂકીને ભજે ઈસુનું નામ જોને.
૩. સૂર સાગરમાં મુક્તિ લેવા કે મહી પડયા નરજોવા જોને.
૪. પારે ઉભા જુવે તમાસા ને કેડી નહીં પામે જોને.
૫. મહીં પડયા તે મહા સુખ માણે ને દેખનારા દાઝે જોને.
૬. જેઓને મુક્તિ મળી છે તેઓ અમર જીવશે જોને.
૭. પાણી કેરા છે પરપોટા પણ ફુટ્યા ફુટી જાય જોને.

૧૬

Hell is darkness.

નર્ક વિષે.

નર્ક ઊંડું છે. ઘોર અંધકાર,
રે પાપી પસ્તાવો કર;
સ્વર્ગ છે અજવાળું, સુખ અપાર,
પ્રકાશ કરે તારા પર.

ટેક—પાપથી ફરીને મળી પામ,
સદા ગા દેવની સ્તુતિ;
મહીમા થજો તેનું નામ,
આપનાર છે પુરી મુક્તિ.

નર્ક આગ છે, નહીં ઓલાય,
રે પાપી બચ તે દુઃખથી;
ઈસુ તારનાર, તને આપે,

મફત ને પુરી મુક્તિ.
મરતો જે ઇશ્વર અવતારને,
પાપી ફર તું મરશે કેમ;
આવી ભજ આ તારનારને,
મુક્તિ પુરી થશે એમ.

૧૭

We'll all shout hallelujah.

હાલેલુયા.

કેવા સુખી છીએ જે દેવને માનીએ,
ને આકાશમાં એકઠું કર્યું ધન.
કોઇથી નહીં કહેવાય, કેટલી શાંતિ ભરાય
જેનું પ્રેમથી ભરેલું છે મન.

ટેક—પોકારીશું હાલેલુયા આકાશી માર્ગપર ચાલી
ને આપીશું દેવને માન
દુતો સાથે ગાતાં ગાન
સ્વર્ગી સુખને સદા કાળ સુધી ઝાલી.

૨ આ મીઠાસ છે મારી, આ પસંદતા જારી
ઇસુના લોહીથી મળે છે.
મનમાં વિશ્વાસ રાખું ને કેવો સુખ ચાખું
સ્વર્ગમાં ઇસુના નામ તળે છે.

૩ ઇસુ છે સદા કાળ મારી તારનારને હાલ
હે કે સઘળા લે આ મુક્તિદાન
પ્રેમ રાખ્યો મારા પર અચરતની વાત છે ખર
કે નાલાયકનો બચાવ્યો છે જાન.

Gujarati tune.

ટેક—પ્રભુ મને મુક્તિ માર્ગમાં નિત્ય ચલાવે.
ઈસુ મરણ સુધી તારી પાછળ ચાલીશ હું,
કેટલો દુઃખી હતો હું મુક્તિ પામ્યા અગાઉ;
જગતની કંઇ શાંતિ મને સંતોશ ના આપે,
પાપીઓને કાજે ઇસુ ન્યાય મુઓ છે,
ઇસુ તારા લોહીથી મને શુધતા મળી છે;
દેશ જોયો વેશ પેહેરયો રહયો સઘળામાં,
સુખ ભોગ કીધો સઘળા લોકો સાથે મઝામાં.
ટીલાં કરયાં ટપકાં કરયાં બદલ્યો બધો વેશ,
મુક્તિ વિના બાવરો ફરૂં સુખના મળ્યું લેશ;
નારી પૈણ્યો કુટુંબ થયું છોકરાંનો નહી પાર,
સૈતાને નાખી છે એક મોટી મોહજાળ;
ઝાડ ગયો પહાડ ગયો માન્યા બધા દેવ,
કોઇએ ના મન બદલ્યું ને કાઢી ભુંડી ટેવ.
બીડી પીધી, ચલમ પીધી, ગડાકુનો હુકો,
ચુનાથી ચોપડીને ખાધો તમાકુનો ભુકો.
અફીણ પીધું ગાંજો પીધો ભાંગનો લીધો લોટો,
તાડી પીને દારૂ પીને રસ્તામાં થયો ગોટો.

Oh Salvation full and free.

મુક્તિ ને સહાય પુરી;
મને મળી ને છે બહુ સારી.
આખી પૃથ્વી ઉપર જાણજો;
ઈસુ ખ્રિસ્તના લોહીથી છે છુટકો.

I have joind the army of the Lord.

પ્રભુની ફોજમાં અર્પણ થયો છું,

હમેશાં લડવા છું તૈયાર.
જો લોક ઉલટું કરે તોપણ હું હરખાઉંછું,
કારણ કે પ્રભુ છે મારો તારનાર.

———o———

Take my poor heart and let it be.

મન મારૂ લે ને સદા થાય;
બંધ સઘળા કાજ તારા સિવાય.
અરપણ મારૂં તું કર મુદિત;
કે "હાલથી તારો છું ખચીત"

———o———

True soldiers of our God we are.

દેવના છીએ ખરા સિપાઇ,
તેને કાજ કરિશું લડાઈ.
જીતવા લડતો મનના લાગથી,
જગ દેવને કાજ લોહીને આગથી.

———o———

Say poor sinner, would'nt you like to go!

કહો પાપીઓ જવા નહી ઇચ્છો,
કહો પાપીઓ જવા નહી ઇચ્છો,
કહો પાપીઓ જવા નહી ઇચ્છો,
પ્રભુની પાસે રહેવા.

હા સર્વે મળીને જવા ગમે છે,
હા સર્વે મળીને જવા ગમે છે,
હા સર્વે મળીને જવા ગમે છે,
પ્રભુની પાસે રહેવા.

———o———

Forward soldiers marching on to war.

આગળ ચાલો સિપાઇઓ યુદ્ધમાં,

સ્થીરને સાચા તારી ફોજ તેમને રાખો,
સ્વર્ગમાં પોચે ત્યાં સુધી.

—o—

Then aw.ke, happy song.

ટેક—જાગોરે ! જાગોરે ! છુટી આવ ! છુટી આવ !
અરે જાગો પાપી જન.
રાજા રંક સુધી સૌ લોક છુટા થાય
રાજા રંક સુધી સૌ મુક્તિ માંય,
રાજા રંક સુધી સૌ પામી લે સહાય,
અરે જાગો પાપી જન.

—o—

Hiding in Thee.

તુજમાં છે ઇલાજ, તુજમાં છે ઇલાજ.
ઓ ઇસરાઇલના રાજા,
તુજમાં છે ઇલાજ.

—o—

Oh the crowning day si coming.

મુગટ પામવાનો દિવસ જલદી આવશે,
ત્યારે દેવની પાસે સઘળા જઇશું.
ઓ દેવની સ્તુતિ થાય, ઇસુના નામથી જય.
હાલેલુયા ! હાલેલુયા ! !

—o—

At thy feet I fall.

તુજ પગ પાસ નમું,
તુજ કાજ દુઃખ ખમું;
જીવતા અથવા મરતા,
મારા પ્રભુને કાજ.

—o—

Victory for me.

ઇસુ ને જય, શેતાનને ક્ષય.
એકપણાથી યુદ્ધ કરીએ.
જય ભરપુર દેવ આલ જરૂર,
તારી જયવાન ફોજને,
મારે કાજ જય.
મારા તારનારના લોહીથી,
મારે કાજ જય,
તેના લોહીથી.

—o—

ઈસુની પાસે તમે આવોરે,
ઇસુની પાસે તમે આવોરે,
ઇસુની પાસે તમે આવોરે,
ને મુકિત પામોરે.

—o—

We shall bring dark India.

ઇસુની ગમ લાવીશુ આખુ હિંદુસ્થાન,
અને તેના લોકો ગાશે મુકિતનું માન.
વાહ, વાહ, વાહ, વાહ, હમે પામીશું જય,
વાહ, વાહ, વાહ, વાહ, સૈતાનનો થશે ક્ષય.

—o—

Bless our lads in the Salvation Army.

આશીરવાદ દો સર્વે અમલદારને,
આશીરવાદ દો સર્વે અમલદારને,
આશીરવાદ દો સર્વે અમલદારને,
લડનાર જે મુકિતફોજમાં.
સ્થીરને સાચા તારી ફોજ તેમને રાખો,
સ્થીરને સાચા તારી ફોજ તેમને રાખો,

March on–March on.

હે તન, મન, ધન, બધું પ્રભુ છે તારું,
ને જીવન જાય પણ નહિ તને તજું;
રે સદા કાળનું જીવનદાન અમણું છે મારું,
હે પ્રભુ તને પગે લાગી ભજું!
આગળ ચાલો!
સેતાનની સુચન ન માનતા
આગળ ચાલો!
જયવાન છો યુદ્ધમાં.

समाप्त.